ક્રમાંક:- પાંઆરઠ-૧૨૧૨-૨૧૦૨-ક,
ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર
તારીખ:-૧૭/૦૭/૨૦૧૩.

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી. તમામ
શાસનાધિકારી, તમામ

વિષય: ગુણોત્સવના અનુકાર્ય સ્વરૂપે ઉપચારાત્મક કાર્ય અંગેની તમામ કામગીરી જિલ્લા દ્વારા કરવા બાબત...

આપ જાણો છો એ મુજબ ગુણોત્સવ-૪ અંતર્ગત તા. ૧૨-૪-૨૦૧૩ ના રોજ રાજ્યની દરેક શાળાઓમાં સ્વમૂલ્યાંકનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી અંતર્ગત ગત વર્ષે ધોરણ ૨ થી ૫ નાં બાળકોની વાચન, લેખન અને ગણન કૌશલ્યની સિધ્ધિનું મૂલ્યાંકન જે તે વર્ગશિક્ષકે કર્યું હતું. ધોરણ ૬ થી ૮ નાં બાળકોનું મૂલ્યાંકન રાજ્ય કક્ષાએથી તૈયાર થયેલ ઓ.એમ.આર. આધારિત કસોટી દ્વારા થયું હતું. આ સ્વ-મૂલ્યાંકનનાં પરિણામો ગુણોત્સવની વેબસાઇટ પરથી જાણવા મળી શકશે. અલબત્ત, ધોરણ ૨ થી ૫ નાં બાળકોનું મૂલ્યાંકન જે તે વર્ગશિક્ષક દ્વારા મૂલ્યાંકન રીતે થયેલું હોઇ, તે માહિતી શાળા કક્ષાએ - વર્ગશિક્ષક પાસે જ ઉપલબ્ધ હશે. તેમ છતાં, જો ન હોય તો ગુણોત્સવની વેબસાઇટ પરથી સીઆરસી-બીઆરસી અને ડીપીઇઓ ના લોગ-ઇનના ઉપયોગ દ્વારા આ માહિતી તા.૨૦-૭-૨૦૧૩ થી જાણી શકાશે.

એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ગુણોત્સવ સ્વ-મૂલ્યાંકન યોજાયેલ હોઇ, આ વર્ષે એ બાળકો ઉપલા ધોરણમાં હશે. એટલે કે ગત વર્ષે ધોરણ ૨ થી ૫ માં જેઓનું મૂલ્યાંકન થયું છે એ બાળકો ચાલુ વર્ષે ધોરણ ૩ થી ૬ માં ભણે છે. આ બાળકોનું વાચન-લેખન અને ગણન અંતર્ગત સઘન ઉપચારાત્મક કાર્ય હાથ ધરવા આપની કક્ષાએથી જરૂરી આદેશો થવા આથી જણાવવામાં આવે છે. ધોરણ ૨ થી ૫ નાં જે બાળકો વાચન, લેખન અને ગણનમાં ૦ થી ૪ ગુણ મેળવે છે તેઓને ઉપચારાત્મક કાર્યક્રમ હેઠળ તથા ૫ કે તેથી વધુ ગુણ મેળવનાર બાળકોને સુદ્રઢીકરણ કાર્યક્રમ હેઠળ આવરી લેવાના રહેશે.

ધોરણ ૬ થી ૮ નાં બાળકો માટે વાચન, લેખન અને ગણન ઉપરાંત ગુજરાતી અને ગણિત વિષયનું ઉપચારાત્મક તથા એનરીચમેન્ટ (સુદ્રઢીકરણ) કાર્ય હાથ ધરવાનું છે. જે તે શાળાનાં ધોરણ ૬ થી ૮ નાં બાળકોને ગુજરાતી અને ગણિતના ૧૬-૧૬ પ્રશ્નો પૈકી કયા પ્રશ્નો નથી આવડયા એ માહિતી પણ ગુણોત્સવ વેબસાઇટ પરથી જાણી શકાશે. વર્ગદીઠ અને વિષયદીઠ ૧૬ પ્રશ્નોના ૧૬ ગુણ પૈકી ૦ થી ૬ ગુણ મેળવનાર બાળકોનું ઉપચારાત્મક કાર્ય તથા ૭ થી ૧૬ ગુણ મેળવનાર બાળકોનું સુદ્રઢીકરણ કાર્ય હાથ ધરવું.

આ અગાઉ વર્ષ ૨૦૧૦, ૨૦૧૧ અને ૨૦૧૨ દરમ્યાન ગુણોત્સવના અનુકાર્ય સ્વરૂપે યોજાયેલ ઉપચારાત્મક કાર્યના અનુભવો પરથી જણાયું છે કે વાચન, લેખન, ગણનમાં અપેક્ષિત

સિધ્ધિ હાંસલ ન કરી શકનાર બાળકોને અલગથી સમય આપીને ઉપચારાત્મક કાર્ય કરવું વધુ હિતાવહ છે. આપના જિલ્લામાં ઉપચારાત્મક કાર્ય કેવી રીતે કરવું તે જિલ્લા કક્ષાએથી જ નક્કી કરવા અને તે મુજબ ચુસ્ત અમલ કરવાનો રહેશે. આ કાર્યક્રમમાં બેદરકારી દાખવનાર અથવા યોગ્ય રીતે કામ ન કરનાર જે તે કક્ષાની વ્યક્તિઓની જવાબદારી નિયત કરી યોગ્ય પગલાં લેવા આથી જણાવવામાં આવે છે.

આ વખતે રાજ્યકક્ષાએથી કોઇપણ પ્રકારની શિક્ષક તાલીમ કે તાલીમ સામગ્રી પૂરી પાડવામાં આવનાર નથી. રાજ્ય કક્ષાએથી મોનિટરિંગ કરવામાં આવશે તથા સમીક્ષા બેઠકો યોજવામાં આવશે. ઉપચારાત્મક કાર્યની શરૂઆત ૧-૮-૨૦૧૩ થી કરવાની છે અને આગામી સમયમાં યોજાનાર ગુણોત્સવ-૪ (અધિકારીશ્રી દ્વારા) બાહ્યમૂલ્યાંકન સુધી ઉપચારાત્મક કાર્ય હાથ ધરવાનું છે.

આપ જાણો છો એ મુજબ આર.ટી.ઇ. એક્ટ ૨૦૦૯ ની કલમ ૨૪(૧) તથા ગુજરાત સરકારના આર.ટી.ઇ. રુલ્સના નિયમ ૨૦ મુજબ દરેક બાળકને ગુણવત્તાલક્ષી શિક્ષણ આપવાની જવાબદારી શિક્ષકની છે. શિક્ષકો આ જવાબદારી સુપેરે નિભાવી શકે તે માટે આપની કક્ષાએથી અપેક્ષિત તમામ પ્રકારની કામગીરી કરવા આથી જણાવવામાં આવે છે.

ઉપચારાત્મક કાર્ય અંગેની સામાન્ય સૂચનાઓ આ સાથે સામેલ છે એ મુજબ મોનિટરિંગ કરવાનું રહેશે.

(એમ.ટી.શાહ)
નિયામક
જીસીઇઆરટી

(આર.સી.રાવલ)
નિયામક
પ્રાથમિક શિક્ષણ

બિડાણ:
ઉપચારાત્મક કાર્ય અંગે સામાન્ય સૂચનાઓ

નકલ રવાના:
માન.અગ્રસચિવશ્રી (પ્રા.શિ.), બ્લોક નં ૫, આઠમો માળ, સચિવાલય, ગાંધીનગર
માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, એસ.એસ.એ. સેક્ટર-૧૭, ગાંધીનગર
[illegible]

## ઉપચારાત્મક કાર્ય અંગે સામાન્ય સૂચનાઓ

૧. ધોરણ ૨ થી ૫ માં ઉપચારાત્મક કાર્ય જે તે વર્ગશિક્ષક/ વિષયશિક્ષક (પ્રજ્ઞા શાળામાં) દ્વારા જ હાથ ધરવાનું છે.

૨. ધોરણ ૬ થી ૮ માં ઉપચારાત્મક કાર્ય ભાષા અને ગણિત શીખવતા શિક્ષકોએ કરવાનું છે.

૩. ધોરણ ૨ થી ૮ માં ઉપચારાત્મક કાર્ય અંતર્ગત વાચન, લેખન અને ગણન (સંખ્યાજ્ઞાન, સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર) પર વિશેષ ભાર મૂકવાનો છે. આ ઉપરાંત ધોરણ ૬ થી ૮ નાં બાળકો માટે ગણિત અને ગુજરાતી વિષય અંતર્ગત જે તે ધોરણને અનુરૂપ ઉપચારાત્મક અને સુદઢીકરણ કાર્ય કરાવવાનું છે.

૪. દરેક વર્ગમાં ઉપચારાત્મક કાર્ય અંતર્ગત થતા લેખિત કાર્ય (લેખન અને ગણન) વિદ્યાર્થીની અલગ વ્યક્તિગત નોટબૂકમાં જ કરાવવું. વિદ્યાર્થીએ લખેલી વિગતો શિક્ષકે તારીખવાર નિયમિત ચકાસવી અને સુધારવી. મોનિટરિંગમાં આવનાર વ્યક્તિ બાળકોની કસોટી લેશે એ ઉપરાંત વિદ્યાર્થીની નોટબૂક પણ ચકાસશે.

૫. જો શાળા કક્ષાએ ગુણોત્સવ-૪ અંતર્ગત બાળકોના મૂલ્યાંકનની માહિતી ઉપલબ્ધ ન હોય અથવા તો આ માહિતીની ચકાસણી જરૂરી લાગતી હોય તો તા. ૨૫-૭-૨૦૧૩ પહેલાં ધોરણ ૨ થી ૮ નાં તમામ બાળકોનું મૂલ્યાંકન કરી આ માહિતી તૈયાર કરવાની રહેશે. આ માટે બે વર્ગશિક્ષકો દ્વારા એક ધોરણનાં બાળકોનુ મૂલ્યાંકન કરાવવું. દા.ત. **આ વર્ષે ધોરણ-૩ માં દાખલ થયેલાં બાળકોનું મૂલ્યાંકન આ વર્ષના ધોરણ-૩** ના વર્ગશિક્ષક તથા ગત વર્ષે **ધોરણ-૨ માં ભણાવતા વર્ગશિક્ષક દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવું.** આ માહિતી નિયતપત્રક મુજબ જ નિભાવવી.

૬. ગુણોત્સવ-૪ અંતર્ગત શિક્ષક દ્વારા કરવામાં આવેલા સ્વમૂલ્યાંકનની માહિતી અથવા બંને વર્ગશિક્ષકો દ્વારા સંયુક્ત રીતે તૈયાર થયેલ માહિતી **શાળાના મુખ્યશિક્ષક અને સીઆરસી કો-ઓર્ડિનેટરે સંયુક્ત રીતે ચકાસવી.** ચકાસણી માટે શાળાના મુખ્યશિક્ષક તથા સીઆરસી કો-ઓર્ડિનેટરે દરેક વર્ગમાં કેટલાંક બાળકોનું મૂલ્યાંકન કરવું અને જરૂર જણાયે શિક્ષકોને પુનઃમૂલ્યાંકન કરવા જણાવવું.

૭. દરેક સીઆરસી કો-ઓર્ડિનેટરે પોતાની દરેક વખતની શાળા મુલાકાત દરમ્યાન ઉપચારાત્મક કાર્યક્રમ અંતર્ગત બાળકોને વાચન કરાવવું, શ્રુતલેખન કરાવવું અને ગણન અંતર્ગત પલાખાં લખાવવાં અને પોતે કરેલ મૂલ્યાંકનની માહિતી પણ શાળા કક્ષાએ આપવી.

૮. આ વખતે ઉપચારાત્મક કાર્ય દરમ્યાન સઘન મોનિટરિંગ અને સુપરવિઝનની વ્યવસ્થા જે તે જિલ્લાએ ગોઠવવી. મોનિટરિંગ-સુપરવિઝન અંતર્ગત શાળા મુલાકાત લેનાર સીઆરસી-બીઆરસી કો-ઓર્ડિનેટર, કેળવણી નિરીક્ષક, બ્લોક રિસોર્સ પર્સન્સ, ડાયેટ વ્યાખ્યાતા વગેરેએ મોનિટરિંગ દરમ્યાન રેન્ડમ્લી પસંદ કરેલા બે કે ત્રણ વર્ગનાં તમામ બાળકોનું મૂલ્યાંકન કરવાનું છે અને પોતે કરેલા મૂલ્યાંકનની માહિતી જે તે શાળા કક્ષાએ રાખવાની છે. આ ઉપરાંત, ઉપચારાત્મક કાર્ય અંતર્ગત શાળા કક્ષાએ કોઇ બેદરકારી જણાય તો જે તે

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને એ અંગે અહેવાલ આપવો. જે તે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ આ અહેવાલ આધારિત યોગ્ય કાર્યવાહી કરવી.

૯. બ્લોક/જિલ્લા કે રાજ્ય કક્ષાએથી મોનિટરિંગ માટે જનાર વ્યક્તિએ શાળાના કુલ વર્ગો પૈકી બે કે ત્રણ વર્ગો ચકાસવા. દા.ત. કોઇ એક શાળામાં કુલ સાત વર્ગો પૈકી બીઆરપી દ્વારા ત્રણ વર્ગોની ચકાસણી થઇ છે. તો ત્યારપછી મુલાકાત લેનાર વ્યક્તિએ આ ત્રણ વર્ગોમાં થયેલ અનુકાર્યની ચકાસણી કરવાની છે તથા ત્યારબાદ બાકી રહેલા વર્ગો પૈકી એક, બે કે ત્રણ વર્ગમાં મૂલ્યાંકન કરવાનું છે. આમ, જેટલીવાર શાળાની મુલાકાત લેવાય તેટલીવાર અગાઉની મુલાકાતોનું અનુકાર્ય તેમજ વધારાના વર્ગનું મૂલ્યાંકન કરીને સમગ્ર કાર્યક્રમ દરમ્યાન મોનિટરિંગની અસરકારકતા જાળવી રાખવી.

૧૦. મોનિટરિંગ માટે કોઇ પણ શાળામાં એક જ સમયે એક કરતાં વધુ વ્યક્તિએ શાળાની મુલાકાત લેવાની નથી. તેથી કોઇપણ જાતની મોનિટરિંગ ટીમ બનાવવાની નથી.

૧૧. કોઇ પણ જિલ્લામાં પ્રિ-ગુણોત્સવ જેવા કોઇ જ કાર્યક્રમો યોજવાના નથી.

૧૨. મોનિટરિંગમાં જનાર વ્યક્તિએ શાળા મુલાકાત દરમ્યાન માત્ર ઉપચારાત્મક કાર્ય પર જ સવિશેષ ધ્યાન આપવું. ઉપચારાત્મક કાર્યના મોનિટરિંગમાં જનાર પ્રત્યેક વ્યક્તિએ બાળકોને ફરજિયાત રીતે વાચન, લેખન અને ગણન કરાવવું અને ચકાસવું.

૧૩. ધોરણ ૨ થી ૫ માં ઉપચારાત્મક કાર્યક્રમ દરરોજ પ્રાર્થના કાર્યક્રમ પછીના બે તાસમાં ક્રમશઃ વાચન-લેખન (ભાષા) અને ગણન (ગણન) એમ બે તાસમાં યોજવો.

૧૪. ધોરણ ૬ થી ૮ માં જે તે શાળાના સ્થાનિક સમયપત્રક મુજબ ભાષા અને ગણિતના શિક્ષકોએ ઉપચારાત્મક કાર્ય કરવું.

૧૫. મોનિટરિંગ માટે જનાર વ્યક્તિ શક્ય હોય ત્યાં સુધી જે વર્ગમાં ઉપચારાત્મક કાર્ય ચાલતું હોય તે સમય દરમ્યાન વર્ગ મુલાકાત લેવી.